ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

---

ક.યુ./ઇ.સી./મિનિટસ/૧લી સપ્ટેમ્બર–૨૦૧૬/ ૪૨ તા.૦૨/૦૯/૨૦૧૬

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય :** **ગત તા.૦૧/૦૯/૨૦૧૬ ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૦૧/૦૯/૨૦૧૬ ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ–કચ્છ**

બિડાણ:– એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાના:– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા. ૧લી સપ્ટેમ્બર–૨૦૧૬ ના રોજ સાંજના ૦૪.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તા.૦૧લી સપ્ટેમ્બર ૨૦૧૬ નાં રોજ ગુરૂવારને સાંજે ૪.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર સાથે જ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. એમ.જી.ઠક્કર.<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી હરિસંગ ધનુભા જાડેજા,<br>સભ્યશ્રી,<br>કોર્ટ સભ્યશ્રી અને નોધાયેલ સ્નાતક,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી ડો. એસ.જી.ધર્માણી,<br>આચાર્યશ્રી, તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| પ્રો. ડો.પી.એન. દવે,<br>પ્રોફેસર, રસાયણશાસ્ત્ર ભવન,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. શ્રી એસ.એલ.ભંડારી,<br>રીડર, અર્થ એન્ડ એન્વા. સાયન્સ ભવન,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. શ્રી રાજેન્દ્ર એમ. શાહ,<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ,<br>ગાંધીધામ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી નવલસિંહ એમ.જાડેજા,<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

૧. ગત તા.૦૧/૦૮/૨૦૧૬ની સભાની મિનિટસનું વાંચન અને બહાલી
**(નોંધ:–** ગત તારીખ ૦૧/૦૮/૨૦૧૬ના રોજની સભાની મિનિટસ નોંધ સૌ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે જેનું વાંચન અને બહાલી બાબત.)

ગત સભાની મિનિટસ ના મુદા નંબર –૨૦ અને ઠરાવ નં.–૨૦ માં નીચેના સુધારો અને સ્પષ્ટીકરણનો આદેશ કરવામાં આવ્યાં.

સુધારો:– વિદ્યાર્થઓને ઉતરવહી આપવાની જોગવાઇ ની શરતો પૈકીની શરત ''ઉતરવહી ઉપર તેમજ અંદરના ગુણ ઢાંકીને ઝેરોક્ષ કરવી'' જે શરતને આ સભામાં રદ કરવામાં આવે છે. જયારે બાકીની શરતો/જોગવાઇઓ યથાવત રાખી ઉતરવહીઓ પુરી પાડવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે તે મુજબ નો સુધારો સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

ઠરાવ:– ૧. **ગત તા.૦૧લી ઓગષ્ટ ૨૦૧૬ ના રોજની સભાની મીનીટસ નોંધ અન્વયે ઠરાવ નં.–૨૦ માં ઉપર મુજબના સુધારા આદેશ સાથે અન્ય મિનિટસ નોંધને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. તા.૨૯/૦૮/૨૦૧૬ તથા તા.૩૦/૦૮/૨૦૧૬ ના યોજાયેલ પ્રોફેસર, એસો.પ્રોફેસર તથા આસી.પ્રોફેસરના વરણી પ્રક્રિયાને બહાલ અંગે.

(નોંધઃ– કચ્છ યુનિવર્સિટીના પરીક્ષા નિયામક તથા યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતાં વિવિધ અભ્યાસક્રમો સબંધે મંજૂર થયેલ મહેકમ પર નિયમિત પગારથી પરીક્ષા નિયામક, પ્રોફેસર, એસો.પ્રોફેસર તથા આસી.પ્રોફેસરની નિમણૂંક માટે મળેલ વરણી સમિતિની દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૬ તથા તા.૩૦/૦૮/૨૦૧૬ ના રોજ કાર્યવાહી ધરવામાં આવનાર છે. વરણી સમિતિની થયેલ કાર્યવાહીને બહાલ રાખી, થયેલ નિર્ણય મુજબ સબંધિત જગ્યાઓ માટે નિમણુંક પત્રો પાઠવવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા અંગે.)

**ઠરાવઃ– ૨.** **તા.૨૯/૦૮/૨૦૧૬ તથા તા.૩૦/૦૮/૨૦૧૬ ના રોજ યોજાયેલ પરીક્ષા નિયામક, પ્રોફેસર, એસો.પ્રોફેસર તથા આસી.પ્રોફેસરની નિમણૂંક માટેની વરણી પ્રક્રિયાને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. પસંદગી પામેલ ઉમેદવાર સિવાય ના ઉમેદવારનું વેઇટીંગ લીસ્ટ પસંદગી પામેલ ઉમેદવારના હાજર થયાના ત્રણ મહિના બાદ આપોઆપ રદ ગણાશે. વરણી સમિતિની પ્રક્રિયા બાદ નીચે મુજબના ઉમેદવારો દર્શાવેલ જગ્યાઓ માટે પસંદગી પામેલ છે.**

| ક્રમ | વિષયનું નામ | જગ્યાનું નામ | કેટેગરી | ઉમેદવારનું નામ |
|---|---|---|---|---|
| ૧ | કોમર્સ એન્ડ મેનેજમેન્ટ | પ્રોફેસર | જનરલ | ડો. વિજય વ્યાસ |
| ૨ | કોમર્સ એન્ડ મેનેજમેન્ટ | આસિ. પ્રોફેસર | એસ.ટી. | શ્રી કૌશિકકુમાર રતીલાલ દલવી |
| ૩ | અર્થશાસ્ત્ર | એસો.પ્રોફેસર | જનરલ | સુશ્રી સતીજા કલ્પના ચંદ્રપ્રકાશ |
| ૪ | અંગ્રેજી | એસો.પ્રોફેસર | જનરલ | ડો.કાશ્મિરા પરેશ મહેતા |
| ૫ | અંગ્રેજી | એસો.પ્રોફેસર | એસ.ઇ.બી.સી. | શ્રી બસીયા રાજેશકુમાર વાલ્કુભાઇ |
| ૬ | અંગ્રેજી | આસિ.પ્રોફેસર | એસ.સી. | શ્રી સોલંકી મિલિંદ કાન્તીલાલ |
| ૭ | કેમેસ્ટ્રી | આસિ.પ્રોફેસર | એસ.ટી. | શ્રી રાઠોડ અજયકુમાર દિનેશકુમાર |
| ૮ | | પરીક્ષા નિયામક | જનરલ | શેઠ તેજલ જીતેન્દ્રકુમાર |

**ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ ઉમેદવારોની પસંદગીને બહાલી તથા નિમણુંકપત્ર પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**–અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદાઓ –**

૩. જે–તે વિષયોના વિભાગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા જુજ રહે છે તેવા વિભાગો બંધ કરવા અંગે.

**ઠરાવઃ– ૩.** **જે–તે વિષયના અનુસ્નાતક વિભાગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહેતી હોય તેવા વિભાગોની છેલ્લા બે વર્ષની વિદ્યાર્થીઓના પ્રવેશની આંકડાકીય માહિતી મંગાવવી. વિદ્યાર્થીઓની સંખ્યા બાબતે વિભાગ અધ્યક્ષને પગલાં લેવા જણવવાનું તથા આ બાદ પણ વિદ્યાર્થીઓની સંખ્યાનો અભાવ જણાય કે નહિવત થાય તેવા વિભાગો આવતાં શૈક્ષણિક વર્ષથી બંધ કરવાની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. એમ.એલ.ડબલ્યુ. ના કોર્ષની બે વર્ષની એક જ માર્કસીટ અંગે.

**ઠરાવઃ– ૪.** **એમ.એલ.ડબલ્યુ. અભ્યાસક્રમના શરૂઆતના વર્ષોમાં ગુજરાત યુનિવર્સિટી મુજબજ બન્ને વર્ષોની એકજ પરીક્ષાનું આયોજન તથા બે વર્ષની સંયુકત એક જ માર્કસીટ આપતી હોવાથી વિદ્યાર્થીઓને બે વર્ષની એક જ માર્કસીટ અંગે પ્રશ્ન ઉદભવે ત્યારે વિદ્યાર્થીઓને ''Consolidated Marksheet'' અંગેનું સર્ટીફિકેટ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. સેમેસ્ટર પધ્ધતિમાં પુરક પરીક્ષાઓના આયોજન અંગે.

**ઠરાવઃ– ૫.** **વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન સેમે–૬ ની સાથે સેમે–૫ ની પુરક પરીક્ષાઓ લીધેલ હતી. વિદ્યાર્થીઓના હિત અને તેમને પ્રગતિ માટે વર્ષ ૨૦૧૬–૧૭થી મુખ્ય પરીક્ષા પૂર્ણ થયાના બે વિષયમાં અનુઉર્તિણ હોય તેવા વિદ્યાર્થીઓ માટેજ સમે–૫ અને સેમે–૬ ની દરેક સત્ર બાદ પુરક પરીક્ષાનું આયોજન કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. કચ્છ યુનિવર્સિટી ની પરીક્ષા દરમ્યાન ગેરરીતી આચરવા અંગે થયેલ કોપીકેસના જાહેરનામાને બહાલી આપવા અંગે.

**ઠરાવઃ– ૬.** **કચ્છ યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધી સમિતિના નિર્ણય અન્વયે ગુનો આચવાના પ્રકારો અને તે પ્રમાણે સજાના પ્રકારો/તબકકા ગુજરાત યુનિવર્સિટી મુજબના કચ્છ યુનિવર્સિટી દ્વારા તૈયાર**

**કરવામા આવેલ સાહિત્યને બહાલ રાખવાનું, કચ્છ યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા આચરવામાં આવેલ ગેરરીતી સબબ પરીક્ષા શુધ્ધી સમિતિ દ્વારા અપાયેલ શિક્ષા અંતગર્ત કરવામાં આવેલ જાહેરનામાં ક્રમાંક નં.ક.યુ./ જાહેરનામું/ કોપીકેસ/ માર્ચ–એપ્રિલ/ ૨૦૧૬/૯૭૩ તા.૨૪/૦૬/૨૦૧૬ ને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. પરીક્ષાની કામગીરી અન્વયે સીનીયર સુપરવાઇઝરની સંખ્યા નકિક કરવા બાબત તથા પરીક્ષા ખર્ચ વિદ્યાર્થી દીઠ રૂા.૧૨/– થવા અંગે.

**ઠરાવઃ– ૭. કચ્છ યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક ૩૦/૧૫–૧૬ તા.૧૬/૦૨/૨૦૧૬ માં થીયરી પરીક્ષા સંચાલન માટે (૧)–સી.માં દર્શાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્ર પર પ્રત્યેક ૬(છ) બ્લોક દીઠ એક સીનીયર સુપરવાઇઝર તથા એક રીલીવર સુપરવાઇઝરની ઓકટોમ્બર–૨૦૧૬ની પરીક્ષાઓથી નિમણુંક કરી શકાય તેવું, તથા પરીક્ષા કેન્દ્ર પરના મહેનતાણાં સિવાય તમામ ખર્ચ પેટે વિદ્યાર્થીદીઠ રૂા. ૧૨/– ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. કચ્છ યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયા તેમજ એમ.ફીલ. અને પીએચ.ડી. અભ્યાસક્રમો અન્વયે યુ.જી.સી.ના ધારા–ધોરણ સ્વીકારવા અંગે.

**ઠરાવઃ– ૮. યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૧૬ ને સ્વીકારી અમલવારી કરવા, અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. એકટ, સ્ટેચ્યુટ, ઓર્ડિનન્સ, રીક્રુટમેન્ટ રૂલ્સ માં સુધારા/વધારા, હાલની અને ભવિષ્યની પરિસ્થિતિને ધ્યાને લઇ નવા એકટ, સ્ટેચ્યુટ, ઓર્ડિનન્સ, રીક્રુટમેન્ટ રૂલ્સ ની રચના કરવા સમિતિનું ગઠન કરવા અંગે.

**ઠરાવઃ– ૯. કચ્છ યુનિવર્સિટીના એકટ, સ્ટેચ્યુટ, ઓર્ડિનન્સ, રીક્રુટમેન્ટ રૂલ્સ માં સુધારા/વધારા, હાલની અને ભવિષ્યની પરિસ્થિતિને ધ્યાને લઇ નવા એકટ, સ્ટેચ્યુટ, ઓર્ડિનન્સ, આર.આર ની રચના કરવા સમિતિનું નીચે મુજબની વિગતે ગઠન કરવા, આ સમિતિને યુનિવર્સિટી ના ઉપયોગમાં લેવાતાં તમામ પ્રકારના ફોર્મ આખરી કરવા, યુનિવર્સિટીના વિવિધ સાહિત્ય/દફતર જાળવણીની સમય મર્યાદા નકિક કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ | સભ્યશ્રીનું નામ |
|---|---|
| ૧ | શ્રી પી.એન.દવે. |
| ૨. | શ્રી કે.એમ.ત્રિવેદી |
| ૩. | શ્રી પી.એસ.હિરાણી |
| ૪. | શ્રી પંકજ ઠાકર |
| ૫. | શ્રી ભાવેશ જેઠવા |
| ૬. | શ્રી અનિલ ગોર |
| ૭ | શ્રી શબ્બીર ધીણીયા |

૧૦. મહામહિમ રાજ્યપાલશ્રીની કચેરીના પદવીદાન સમારંભ યોજના અંગેના ફેક્સ મેજેસ અન્વયે આયોજનની હાઇપાવર કમિટી ની રચના કરવા અંગે.

ઠરાવઃ– ૧૦. કચ્છ યુનિવર્સિટીના ૬(છઠ્ઠા) પદવીદાન સમારંભ અન્વયે તા.૦૪/૧૦/૨૦૧૬ નારોજ યોજવાના આયોજનના ભાગરૂપ હાઇ પાવર કમિટી નીચે મુજબની વિગતે રચના કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | સભ્યશ્રીનું નામ |
|---|---|
| ૧ | શ્રી નવલસિંહ જાડેજા |
| ૨. | શ્રી કે.એમ.ત્રિવેદી |
| ૩. | શ્રી પી.એન.દવે. |

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે આ સભા પૂર્ણ જાહેરકરવામાં આવી.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી